©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 08th APRIL, 2026/CHAITRA 18, 1948 [No. 2567

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં.૭(નંદેલાવ)/ઈરાદો/પ્રસિધ્ધ/૨૦૨૬/વશી/૧૭૪.–ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ મોજે : નંદેલાવ ગામની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ)ના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ)ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબ ચર્તુ :સીમામાં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરો/ બ્લોક નબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની તા. ૧૭-૦૩-૨૦૨૬ ની ૩૨મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક : ૫૪૬ થી કરેલ છે.

ઠરાવ : મોજે.નંદેલાવ ની જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ), ક્ષે.૧૦૯.૮૧ હેક્ટર, તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી-ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોય, આથી ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની આનુસાંગીક તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭ (નંદેલાવ) યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ) ના વિસ્તારની ચર્તુ : સીમાનીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮(ચાવજ)

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬(નંદેલાવ)

પૂર્વે : મોજે. રહાડપોર ગામનો સીમાડો

પશ્ચિમે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)તથા ૧૧(ઉમરાજ-કાસદ)

ઉપરોકત ચર્તુ :સીમાની અંદર આવતા મોજે: નંદેલાવ ના રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબરવાળા વિસ્તારનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭(નંદેલાવ) માં થાય છે.

ક્રમાંક: બૌડા/મુ.ન.ર.યો.નં.૭(નંદેલાવ)/ઈરાદો/ અધિસુચન/૨૦૨૬/૧૭૪
તા. ૩૦-૦૩-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ.

સરનામું :
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી,
કણબીવગા, ભરૂચ-૩૯૨૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.09 14:42:30 IST